રજી.પા.અડા.થા/સ્પાડ પોસ્ટ

ક્રમાંક – જીઓબી/૧૦/૨૦૧૬/૦૨/ઇ.૨

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ
બ્લોક નં. ૯/ સાતમો માળ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ- ૧/૧/૨૦૧૯

૩૯/૨૦૧૭-૧૮
બા.કા.વે

પ્રતિ,

**વિષય:- નિમણૂંક માટે ભલામણ કરવા બાબત. નાયબ કાર્યપાલક ઇજનેર(સી), વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક:- ૩૯/૨૦૧૭-૨૦૧૮).**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) વર્ગ-૨ની જગ્યાએ નિમણુંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આપના નામની ભલામણ કરેલ છે. ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અથવા અનુભવ/ઉંમર તથા જાતિના સંબધમાં ઉમેદવાર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ સમક્ષ રૂબરૂ મુલાકાત સમયે રજુ કરેલ પ્રમાણપત્રોને કામચલાઉ રીતે માન્ય રાખવામાં આવેલ છે. આથી નિમણુંક આપતા પહેલા આયોગ સમક્ષ રજુ કરેલ કામચલાઉ પ્રમાણપત્રોને અસલમાં ચકાસવાના રહેતા હોવાથી, આ માટે રૂબરૂમાં નીચે દર્શાવેલ વિગતે તારીખ અને સ્થળે અસલ પ્રમાણપત્રો અને તેના પ્રમાણિત કરેલ એક ઝેરોક્ષ સેટ, ઓળખ અંગેનો ફોટા સાથે પુરાવો, તથા આધાર નંબર સાથેના પુરાવાની બે નકલ અને બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે પોતાના સ્વખર્ચે હાજર રહેવા વિનંતી છે.

| અ.નં. | ક્રમાંક | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ક્રમ - ૦૧ થી ૪૦<br>ક્રમ - ૪૧ થી ૮૦ | તા. ૨૨/૧/૨૦૧૯ | ૧૧-૦૦ થી -૧૪.૦૦<br>૧૪-30 થી - ૧૮.૦૦ | કમિટી રૂમ, નર્મદા, જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ, બ્લોક નં. ૯ નો ૪મો માળ, ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ,સચિવાલય ગાંધીનગર |
| ૨ | ક્રમ- ૮૧ થી ૧૩૫ | તા.૨૩/૧/૨૦૧૯ | ૧૧-૦૦ થી -૧૪.૦૦ | |

વધુમાં કોમ્પુટરના સામાન્ય જ્ઞાન અંગે વિષય તરીકે અથવા અન્ય રીતે પરીક્ષા પાસ કરેલ હોય તો માન્ય સંસ્થાનું મુળ પ્રમાણપત્ર અને તેની એક પ્રમાણિત ઝેરોક્ષ નકલ સાથે લાવવા વિનંતી છે. જો આપ ઉપર દર્શાવેલ તારીખે પ્રમાણપત્રોની ચકાસણી માટે હાજર નહી રહો કે તે અંગે કોઈ લેખિતમાં જાણ કરવામાં નહી આવે તો આપની ભલામણ રદ કરવામાં આવશે જે ધ્યાને લેવા વિનંતી છે.

વધુમાં આ સાથેના **ATTESTATION FORM** માં તમામ વિગતો ભરી સાથે લાવવું આ ફોર્મમાં તમામ કોલમમાં વિગતો દર્શાવવી, એકેય કોલમમાં --- કરવું નહિ જયાં લાગુ પડતું ન હોય ત્યાં **Not Applicable** કે **NIL**

એમ સ્પષ્ટપણે દર્શાવવું. જે ફોર્મ ભરી અત્રે રજુ કરવામાં આવે તેની એક નકલ ભવિષ્યના ઉપયોગ માટે આપની પાસે રાખવી.

આ કાર્યવાહી નિમણુંકની પ્રક્રીયાના ભાગ રૂપે હોઈ આના કારણે આપને નિમણંક મળેલ છે, તેમ માનવાનું રહેશે નહિ.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

Vasava

(એન.સી. વસાવા)
સેકશન અધિકારી,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

નકલ રવાના- (૧) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ
(૨) સિલેકટ ફાઇલ